દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

શનિવાર ૨૭ જુલાઈ, ૨૦૨૪

# મેડિકલમાં પ્રવેશની કમિટીએ બુધ્ધીનું દેવાળું ફુંક્યું, MBBSમાં પ્રવેશ માટે માત્ર પાસ અને અન્ય ફેકલ્ટી માટે ધો.12માં 50 ટકા જરૂરી




દુનિયામાં ભગવાન પછીનું સ્થાન જો કોઈને આપવામાં આવ્યું હોય તો તે ડોકટરને આપવામાં આવ્યું છે. ડોકટર લોકોની જિંદગી બચાવે છે અને નવજીવન આપે છે. પાંચથી સાડા પાંચ વર્ષ ભણ્યા બાદ એમબીબીએસ પાસ કરતો વિદ્યાર્થી એટલો ક્વોલિફાય થઈ ચૂક્યો હોય છે કે લોકો પોતાનું જીવન તેના હાથોમાં સોંપી દે છે.

આજ રીતે દાંતનો ડોકટર હોય કે પછી આયુર્વેદિક કે પછી હોમિયોપેથિક ડોકટર, દર્દી સ્હેજેય વિચાર્યા વિના પોતાની સારવાર તેને કરવા દે છે. તમામ ડોકટરોમાં જો વિદ્યાર્થીઓની કોઈ પહેલી પસંદગી હોય અને જો દર્દીની પણ પહેલી પસંદગી હોય તો તે એમબીબીએસ તબીબ હોય છે.

ત્યારબાદ ડેન્ટલ, આયુર્વેદિક અને હોમિયોપેથિક ડોકટરનો નંબર આવે છે. વિદ્યાર્થીઓ તેમજ દર્દીઓની આ જ પસંદગી હોવા છતાં પણ જાણે મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપતી કમિટીએ બુધ્ધીનું દેવાળું ફુક્યું હોય તેમ પ્રવેશ માટેના ક્રાઈટેરિયા અલગ અલગ કરતાં ભારે આશ્ચર્ય સર્જાયું છે.

કમિટીના આ ભોપાળાને કારણે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ મુંઝવણમાં મુકાઈ ગયા છે.

આજે રાજ્યમાં મેડિકલમાં પ્રવેશ માટેની કમિટીએ પ્રવેશ માટેના વિવિધ ધારાધોરણોની જાહેરાત કરી છે. આ જાહેરાતમાં એવું જણાવ્યું છે કે, નીટ પાસ કરનાર વિદ્યાર્થીએ જો એમબીબીએસમાં પ્રવેશ લેવાનો હશે તો તેણે માત્ર ધો.12 પાસ કર્યું હશે તો પણ ચાલશે. એટલે કે એમબીબીએસમાં પ્રવેશ માટેનો ક્રાઈટેરિયા માત્ર ધો.12 પાસ જ રાખવામાં આવ્યો છે.

જ્યારે ડેન્ટલ કે પછી આયુર્વેદિક કે હોમિયોપેથીમાં વિદ્યાર્થીએ પ્રવેશ લેવાનો હશે તો ધો.12 50 ટકા સાથે પાસ કરેલું હોવું જોઈશે. એટલે કે જો કોઈ વિદ્યાર્થીના ધો.12 સાયન્સમાં પીસીબી ગ્રુપ સાથે 50 ટકાથી ઓછા માર્ક આવ્યા હશે તો તે વિદ્યાર્થી નીટમાં ક્વોલિફાય હોવા છતાં પણ તેને ડેન્ટલ કે આયુર્વેદિક કે પછી હોમિયોપેથીમાં પ્રવેશ મળી શકશે નહીં.

સામાન્ય રીતે વિદ્યાર્થીઓની જે ફેકલ્ટીમાં પ્રવેશનું મેરિટ ઉંચું જતું હોય તે ફેકલ્ટીમાં ક્વોલિફાઈંગ ક્રાઈટેરિયા અઘરા હોવા જોઈએ પરંતુ કમિટીએ જાણે મગજ જ વાપર્યું નહીં હોય તેમ કોઈ ચોક્કસ ઈરાદે એમબીબીએસમાં માત્ર ધો.12 પાસ અને અન્ય મેડિકલની ફેકલ્ટીમાં 50 ટકાનો ક્રાઈટેરિયા નિયત કરી મોટા વિવાદને ઈજન આપ્યું છે.

ભૂતકાળમાં એમબીબીએસ હોય કે પછી ડેન્ટલ કે અન્ય મેડિકલ ફેકલ્ટી, તમામમાં પ્રવેશ માટે ધો.12માં 50 ટકા હોવા જરૂરી રાખવામાં આવ્યા હતા. સામાન્ય રીતે જો હાલમાં આ ક્રાઈટેરિયામાં સુધારો કરવો હોય તો પણ જે વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી હોય છે તેવી એમબીબીએસમાં પ્રવેશ માટેનો ક્રાઈટેરિયા ધો.12માં 50 ટકાનો અને અન્ય બ્રાન્ચ કે જેનું મેરિટ નીચું જતું હોય છે તેનો ક્રાઈટેરિયા માત્ર ધો.12 પાસનો હોય તો ચાલી શકે. અથવા તો તમામ ફેકલ્ટીમાં માત્ર ધો.12 પાસનો જ ક્રાઈટેરિયા રાખી શકાય, પરંતુ મેડિકલની પ્રવેશ કમિટીને આટલી સીધી વાત સમજાય નથી.

હવે પ્રવેશ માટેના નિયમો કમિટીએ જાહેર કરી દીધા છે ત્યારે આગામી દિવસોમાં આ મામલે મોટો વિવાદ થવાની સંભાવના જોવાઈ રહી છે. હાલમાં પણ નીટના મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે ત્યારે ગુજરાતમાં પ્રવેશ કમિટી સામેથી વિવાદ ઊભો કરી રહી હોય આ મુદ્દો આગામી દિવસોમાં ભારે ચર્ચાનો મુદ્દો બને તેવી સંભાવના છે. જો એમબીબીએસમાં પ્રવેશ કમિટી આ મામલે સુધારો નહીં કરે તો વિદ્યાર્થીઓને સીધો અન્યાય થશે તે નક્કી છે.

# મોદી-01 અને મોદી-02 બાદ એનડીએ-03ના આગમન પછી સ્પષ્ટ પરિવર્તન

## રાજધાનીના અંતરંગ

### અનિલ આનંદ

**‘મોદી કી સરકાર’ને બદલે હવે ‘એનડીએ સરકાર’ છે, લોકસભા ચૂંટણીનાં પરિણામોએ ભાજપને લઘુમતીમાં લાવી દીધી છે. સરકારના અસ્તિત્વ માટે તે એનડીએના ભાગીદારો પર ખૂબ નિર્ભર છે**

નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત વડા પ્રધાનપદ સંભાળ્યું ત્યારથી શું બદલાયું છે. આ વખતે, તેમણે કહ્યા પ્રમાણે, તે એનડીએ સરકારની કમાન સંભાળી રહ્યા છે?

શું ફેરફારો સમજી શકાય છે? શું આ કોઈ પણ રીતે પ્રતિબિંબિત થાય છે કે મોદી અને તેમના ભાજપને એ સમજાઈ ગયું છે કે, તેમના ‘અબ કી બાર, 400 પાર’ જેવા મોટા-મોટા દાવાઓ છતાં ભગવા પક્ષ લોકસભામાં બહુમતીના 272ના જાદુઈ આંકડાને સ્પર્શવાથી દૂર રહી ગયો છે.

મોદી કે તેમની પાછળનાં લોકો સ્વીકારે કે ન સ્વીકારે, એ હકીકત છે કે લોકસભા ચૂંટણીનાં પરિણામોએ ભાજપાને લઘુમતીમાં લાવી દીધી છે. તેઓને ગમે કે ન ગમે, તે જમીની વાસ્તવિકતા છે કે સરકારના અસ્તિત્વ માટે તેઓ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)ના ભાગીદારો પર ખૂબ નિર્ભર છે.

4 જૂન, 2024ના રોજ લોકસભા ચૂંટણીનાં પરિણામો આવ્યાં ત્યાર બાદથી મોદીએ પોતાની બહાદુરીનો પરિચય આપ્યો છે. પ્રથમ દિવસથી તેમણે સતત ત્રીજી વખત વડા પ્રધાનની ખુરશી સુધી પહોંચવા માટે એક મોટી જીતની ઘોષણા કરી હતી, જેને તેમણે પંડિત જવાહરલાલ નેહરુના રેકોર્ડની બરોબરી કરવાનો ઐતિહાસિક સંકેત ગણાવ્યો હતો.

તે બીજી બાબત છે કે તેના વર્ગીકરણમાં, તેનાથી વિપરીત તેનો બહાદુરીનો દેખાવ કરવા છતાં શાંતિથી પરિવર્તન આવ્યું છે. તેથી, વલણમાં જ પરિવર્તન નહીં, પરંતુ શબ્દો અને ક્રિયાઓ બંનેમાં ઘણી હદ સુધી પ્રતિબિંબિત થાય છે. જો કે, પરિવર્તનના નામે જે કંઈ છે તે રાજકીય મહત્ત્વ ધરાવે છે. તેની અસર આવનારાં અઠવાડિયાં અને મહિનાઓમાં દેશોની રાજકીય ક્ષિતિજ પર જોવા મળશે.

મોદી અને તેમના વિશ્વાસુ સહયોગી, ગૃહ મંત્રી અમિત શાહ બંનેના ચહેરાના હાવભાવ અને બોડી લેંગ્વેજમાં સૌથી મોટો ફેરફાર છે. તેઓ ‘સાથીઓ પર નિર્ભરતા’ સાથે સંપૂર્ણ અસહજ જોવા મળી રહ્યા છે. આ સંસદની અંદર અને બહારના મુદ્દાઓ પ્રત્યેની તેમની જાહેર પ્રતિક્રિયામાં જોઈ શકાય છે.

સૌથી પ્રથમ નોંધપાત્ર ફેરફાર મોદીની ભાષણ આપવાની પદ્ધતિમાં પ્રતિબિંબિત થાય છે. જો કે, તેમના ટોન અને વર્તનમાં ખાસ ફેરફાર થયો નથી, પરંતુ વારંવાર પુનરાવર્તિત કેટલાક શબ્દો અચાનક ગુમ થઈ ગયા છે. મોદી અને ‘મોદી કી ગેરંટી’બંને અચાનક જૂના થઈ ગયા હોય તેમ લાગે છે. તેના બદલે, હવે એનડીએ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. ‘મોદી કી સરકાર’ને બદલે હવે ‘એનડીએ સરકાર’ છે.

લોકસભા ચૂંટણીનાં પરિણામો આવ્યા બાદ તેમનાં પ્રથમ ચાર ભાષણોમાં અને તે પછી ટ્રેન્ડમાં વધારો થયો છે. મિસ્ટર મોદીએ ‘એનડીએ’ શબ્દનો 60 વખત ઉલ્લેખ કર્યો છે. રસપ્રદ વાત એ છે કે ‘મોદી કી ગેરેન્ટી’ લગભગ અદૃશ્ય થઈ ગઈ છે, કદાચ એ સમજીને કે આનાથી મતદારો પર કોઈ અસર થતી નથી. સાત તબક્કાના હાઈ-ડેસિબલ લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન તેમની ટેગલાઈન અચાનક ગુમ થઈ ગઈ અથવા ભૂલાઈ ગઈ.

છેલ્લા એક દાયકા દરમિયાન માત્ર વડા પ્રધાન તરીકે જ નહીં, બલ્કે વ્યાપક સંઘ પરિવારમાં પણ, નિરંકુશ સત્તા ભોગવતાં, બે વખત બહુમતી સરકારોના વડા બનવાના અને વર્ચસ્વની વૃત્તિથી આ એક નવું દૃશ્ય છે જેની સાથે તેમણે લડવું પડશે. વાસ્તવિકતા એ છે કે ભાજપ હવે એનડીએના સાથી પક્ષો પર ખૂબ નિર્ભર છે અને મોદીએ સરકારના અસ્તિત્વને સુનિશ્ચિત કરવા માટે ક્રેચ (સહારો) (તેલુગુ દેશમ પાર્ટીના વડા એન ચંદ્રબાબુ નાયડુ અને જેડી(યુ)ના વડા નીતીશકુમાર)ને મજબૂત અને ટટ્ટાર રાખવાની છે.

2014 અને 2019માં સરકારોને મોદી-01 અને મોદી-02 સરકાર તરીકે વર્ણવવામાં આવી હતી. અચાનક, 2024ની લોકસભા ચૂંટણી પછીની ટેગલાઈન મોદી-03ને બદલે એનડીએ-03માં બદલાઈ ગઈ છે. તદ્દન પરિવર્તન અને એ હકીકતનો સ્વીકાર કે ભાજપ અને મોદી માટે રાજકીય પરિમાણ ધરમૂળથી બદલાઈ ગયું છે. સ્પષ્ટપણે મોદી સરકાર અને ભાજપ પર દબાણ દેખાઈ રહ્યું છે અને તેની પાછળ પાર્ટીને લઘુમતીનો દરજ્જો આપવામાં આવ્યો એ છે. મોટો આંચકો, જેની અસર સ્પષ્ટપણે જોઈ શકાય છે અને અનુભવી શકાય છે, તે ઉત્તર પ્રદેશમાં, જે માત્ર નવી હિન્દુત્વની પ્રયોગશાળા જ નથી, પરંતુ જ્યાં રાજ્ય સરકારનું નેતૃત્વ ભગવા-વસ્ત્રોવાળા મુખ્યમંત્રી કરે છે, ત્યાં ભાજપા તેમના પોતાનાં ધોરણોથી ખરાબ પ્રદર્શન કરી રહી છે. યોગી આદિત્યનાથ જેઓ ધાર્મિક ધ્રુવીકરણ પર ખીલ્યા છે. મોદી-યોગીની જોડી હોવા છતાં ભાજપે રાજ્યમાં નોંધપાત્ર મેદાન ગુમાવ્યું અને ચોખ્ખા પરિણામ સાથે પાર્ટી લોકસભામાં લઘુમતીમાં આવી ગઈ.

છેવટે, એક મોટો સ્પષ્ટ ફેરફાર એ છે કે એક દાયકાનું લાંબું મૌન તૂટી ગયું હોય તેવું લાગે છે. મોદી-શાહ યુગમાં સરકાર અને પક્ષ પર મજબૂત પકડ રાખનાર અસંમતિના સ્વર હવે સંભળાય છે. તે લોકસભા ચૂંટણી અને દેશભરનાં સાત રાજ્યોની પેટા-ચૂંટણીમાં નિરાશાજનક પ્રદર્શન પછી ગૂંજવા લાગ્યા છે.

હાલમાં તમામની નજર ઉત્તર પ્રદેશ પર કેન્દ્રિત છે જ્યાં ભાજપની અંદર જ અસંતોષનો અવાજ સંભળાઈ રહ્યો છે. વિવાદાસ્પદ મુદ્દો એ છે કે, લોકસભા ચૂંટણીમાં પાર્ટીના ખરાબ પ્રદર્શન માટે કોણ જવાબદાર છે - પીએમ મોદી, જે લોકસભામાં વારાણસીનું પ્રતિનિધિત્વ કરે છે અથવા સીએમ યોગી આદિત્યનાથ.

શું અસંમતિનું આ યુપી મોડલ મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા જેવાં રાજ્યોમાં આગળ ચાલશે, જ્યાં ભાજપે ખરાબ પ્રદર્શન કર્યું છે? મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડ જેવાં મહત્ત્વનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણીઓ અને આગામી તબક્કા વચ્ચેનો કાળ મોદી અને ભાજપ બંનેના દૃષ્ટિકોણથી નિર્ણાયક છે. શું તે લોકસભા ચૂંટણી અને પેટા-ચૂંટણીના વલણ પલટાવીને ભાજપની તરફેણમાં માહોલ બનાવી શકશે? એ એક મોટું પ્રશ્નચિહ્ન છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## અધિક મૂલ્યવાન


ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક યુવાન એક સંન્યાસી પાસે ગયો અને કહ્યું, ‘બાપજી, બહુ જ ગરીબ છું, મોટો પરિવાર છે,નોકરીમાંથી જે મળે છે તેમાં બે ટંકનું ભોજન પણ માંડ મળે છે.મને કૈંક મદદ કરો. કૈંક આપો.’

સંન્યાસી બોલ્યા, ‘યુવાન, હું તો વૈરાગી સંન્યાસી છું.બધું છોડીને અહીં બેઠો છું.જે મળે તે આરોગું છું.અકિંચન છું. હું તને શું આપી શકું? હા, એટલું કહી શકું કે વધુ મહેનત કર.’

યુવાન કંઈ માન્યો નહિ. તેણે જીદ કરી ત્યારે સંન્યાસી થાક્યા. ધીમેથી બોલ્યા, ‘જો યુવાન, હું તો વૈરાગી છું. કંઈ મારી પાસે રાખતો નથી. સવારે મને જંગલમાંથી એક ઝવેરાતો ભરેલી પોટલી મળી હતી તે મેં નદી કાંઠે હમણાં થોડી વાર પહેલાં જ ફેંકી છે. જો તને મળે તો તું તે લઇ જા.’



યુવાનને થયું ખરા છે બાપજી, કોઈ ઝવેરાતભરી પોટલી ફેંકી દે? હવે મને મળશે કે નહિ? તે ઉતાવળમાં કંઈ બોલ્યા વિના,નમન કર્યા વિના, નદી કિનારે પોટલી શોધવા ભાગ્યો.થોડી વારમાં તેને કિનારાના પથ્થરો વચ્ચે પડેલી પોટલી મળી ગઈ.તે ખુશ થઇ ગયો અને વિચારવા લાગ્યો, ‘મારા નસીબની જ હશે,એટલે હું સંન્યાસી બાબા પાસે આવ્યો અને મદદ માંગી. તેમણે કેટલી વિનંતીઓ બાદ આ પોટલી વિષે કહ્યું અને હજી સુધી કોઈ લઇ ન ગયું અને મને મળી ગઈ.’ પોટલી લઈને તે ઘરે જવા લાગ્યો.

રસ્તામાં તે અટક્યો અને કૈંક વિચારી સંન્યાસી પાસે પાછો ફર્યો અને બોલ્યો, ‘બાપજી, આ પોટલી તો મને મળી ગઈ, પણ આટલા કિંમતી ઝવેરાતો તમે ફેંકી દીધા તો તમારી પાસે એટલી મૂલ્યવાન શું છે તે મને જોઈએ છે.’

સંન્યાસી હસ્યા, ‘યુવાન, તે તો તને ત્યારે મળશે જ્યારે તું નદી કિનારે જઈને આ પોટલી ફેંકી આવી શકીશ.’ યુવાનના હાથમાં પોટલી હતી તેનો તે ફેંકતાં જીવ ચાલશે કે કેમ? તે પ્રશ્ન હતો.યુવાન ચુપચાપ ઊભો હતો.સંન્યાસી મંદ મંદ હસ્યા અને બોલ્યા, ‘યુવાન અંતરમનની ચેતના મહામૂલ્યવાન છે. તે જાગશે ત્યારે કામના, ઈચ્છા, મહેચ્છા કંઈ જ રહેશે નહિ ત્યારે જ તું આ પોટલી ફેંકી શકીશ, નહિ તો જા આ પોટલી લઈને ઘરે તારા પરિવારનું અને તારું દુ:ખ દૂર કર પણ મને વચન આપ, તું મહેનત કરીશ,બીજાને મદદ કરીશ અને જ્યારે અંતરમનની ચેતના જાગે ત્યારે મારી પાસે આવજે.’ યુવાન સંન્યાસીને નમન કરી પોટલી લઈને ઘરે ગયો.

# બજેટમાં બિહાર અને આંધ્રને રાજી કરાયાં

## રાજ્યોની વણઝાર

### કૌશિક મહેતા

**કર્ણાટકમાં ભાજપ વિરોધ પક્ષમાં છે અને વિપક્ષ તરીકે દેખાવ કરવામાં એ માહેર છે અને એનો પરચો કોંગ્રેસ સરકારને મળ્યો છે. કર્ણાટક સરકાર સામે ભાજપ દ્વારા સતત આક્ષેપો થાય છે. ભાજપ અને જેડીએસ બંને કોંગ્રેસ સરકારને ભીડવવામાં સફળ થયા છે. કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી. કે. શિવકુમારને પણ કેટલાક કેસોમાં રાહત મળી નથી. આવકવેરાના એક કેસમાં કોર્ટે એમની સામેનો કેસ રદ કરવાની ના પાડી છે એટલે તપાસ આગળ વધી શકે છે. એટલે કે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી બંને ભ્રષ્ટાચારના આક્ષેપોના ઘેરામાં છે**

મોદી ૩.૦ સરકારનું નવું બજેટ આવી ગયું અને એમાં ધારણા મુજબ આંધ્ર પ્રદેશ અને બિહારને સારી એવી સહાય પૂરી પાડવામાં આવી છે. આ બંને રાજ્યોમાં મોદી સરકારના સાથી પક્ષો છે અને એમના સહારે જ મોદી સરકાર બની શકી છે. આ બંને રાજ્યોની માગણી તો ઘણી બધી હતી પણ ઘણા ખરા અંશે એમની માગણીઓ પ્રત્યે બજેટમાં ધ્યાન અપાયું તો છે પણ સાર નિશાની એ છે કે, માળખાકીય સુવિધા માટે ફાળવણી થઈ છે.

બિહારને સ્પેશ્યલ સ્ટેટસ મળે એ માટે જેડીયુની માગણી હતી. નીતીશકુમાર આ માટે ઘણાં વર્ષોથી માગણી કરતા આવ્યા છે પણ એમની માગણી જ માગણી રહી છે. મોદી ૩.૦ સરકાર એમના ટેકે બની છે એટલે નીતીશને આશા હતી કે, એમની માગણીનો હવે જરૂર સ્વીકાર થશે. પણ બજેટ રજૂ થયાના આગલા દિવસે જ કેન્દ્ર સરકાર દ્વારા એવું કહી દેવાયું કે, બિહારને સ્પેશ્યલ સ્ટેટસ નહિ અપાય. અગાઉ નાણાં મંત્રીએ એવું કહેલું કે, આ માટે નાણાં આયોગ તરફથી ભલામણ આવવી જોઈએ. એટલે એ નક્કી હતું કે, નીતીશની માગણી નહિ સ્વીકારાય.

પણ બજેટમાં જે રીતે બિહાર માટે ફાળવણી થઈ છે એનાથી નીતીશ રાજી રહે એવું તો સંભવ બની ગયું છે. હા, વિપક્ષ દ્વારા નીતીશને ટોણો તો મારવામાં આવ્યો છે કે, સ્પેશ્યલ સ્ટેટસનું શું? નીતીશ બિહારની પ્રજાને જવાબ આપે. જો કે, નીતીશે પ્રતિભાવ આપ્યો કે, સારી અરવી મદદ મળી છે, શરૂઆત સારી થઈ છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, બિહારને જે મદદ અપાઈ છે એ માળખાકીય સુવિધા માટે અપાઈ છે. હાઈ વે માટે રૂ. ૨૬,૦૦૦ કરોડ આપ્યા છે અને વીજળી યોજના માટે ૨૧,૪૦૦ કરોડ અપાયા છે.

એ જ રીતે આંધ્ર પ્રદેશને એના નવા પાટનગર અમરાવતીને વિકસાવવા માટે રૂ. ૧૫,૦૦૦ કરોડ આપ્યા છે. આ નાણાં કઈ રીતે વપરાશે એ હવે મુખ્યમંત્રી નાયડુ પર નિર્ભર છે. નાયડુએ આ જોગવાઈ આવકારી છે. હવે મહત્ત્વનું એ છે કે, આંધ્ર પેટ્રો રીફાઈનરીની વાત હતી અને એ મુદ્દે નાયડુ એચપી સાથે વાત કરી ચૂક્યા હતા , એનું બજેટ તો રૂ. ૫૦,૦૦૦ કરોડથી પણ વધુ હતું. એની જાહેરાત બજેટમાં થવાની આશા હતી પણ થઈ નથી. એનો અર્થ શું સમજવો? કે હવે પછી એની જાહેરાત થશે?

આ બંને રાજ્યોનો બજેટમાં જે રીતે ઉલ્લેખ કરાયો એ સ્પષ્ટ કરે છે કે, બંને પક્ષના સાથે મળી ૨૮ એમપી છે અને એમના સહારે સરકાર બની છે એને મહત્ત્વ આપવું જોઈએ. આપવું પડે. લોકસભાની ચૂંટણીનાં પરિણામોની આ પાછોતરી અસર પણ ગણાય. મોદી ૩.૦ સરકારમાં આ જ આગલી મોદી સરકારો કરતાં તફાવત છે ને એ તફાવત દેખાતો રહેવાનો છે અને એટલે જ વિપક્ષો દ્વારા બચાવો સરકાર બજેટ જેવી ટીકાઓ થઈ છે.

**ગુજરાતમાં ભાજપ પ્રદેશ પ્રમુખની નિયુક્તિ ક્યારે?**

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં એક બેઠક ગુમાવ્યાનો રંજ ભાજપમાં કેમેય કરી ઓછો થતો નથી અને કદાચ એટલે જ પ્રદેશ પ્રમુખની નિયુક્તિ ટાળવામાં આવી છે. સી. આર. પાટીલે તો કેન્દ્રીય મંત્રી બન્યા પછી સાળંગપુરમાં યોજાયેલી ભાજપ કારોબારી બેઠકમાં સ્પષ્ટ કરી દીધું હતું કે, નવા પ્રમુખની પસંદગી હવે થશે. પણ થઈ નથી અને ડિસેમ્બર સુધી પાટીલને ચાલુ રાખવામાં આવ્યા છે. કાર્યકારી પ્રમુખ તરીકે પણ કોઈને મૂકવાનું ટાળવામાં આવ્યું છે. આવું જ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખપદનું થયું છે. ત્યાં પણ જે. પી. નડ્ડાને ચાલુ રાખવામાં આવ્યા છે. એ હવે નક્કી થઈ ચૂક્યું છે કે, ચાર રાજ્યોની ચૂંટણી વર્ષના અંતે થવાની છે એ એમની આગેવાનીમાં જ થશે.

એ જ રીતે ગુજરાતમાં બે ત્રણ માસમાં થનારી સ્થાનિક ચૂંટણીઓ પણ પાટીલના નેતૃત્વમાં જ લડાશે. ગમે ત્યારે આ ચૂંટણીઓની જાહેરાત થઈ શકે છે. આમ યા ચૂંટણીઓ જાહેર કરવામાં ખાસ્સો વિલંબ થયો છે. કેટલીક સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં વર્તમાન સત્તાધીશોની ટર્મ પૂરી થવામાં છે. કદાચ ભાજપ,રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ નવા પ્રમુખોની નિયુક્તિ ટાળી એટલે છે કે, નવા પ્રમુખના કારણે કોઈ સમસ્યા ના આવે.

**કર્ણાટકમાં ભાજપીઓનો અજબ વિરોધ**

કર્ણાટકની કોંગ્રેસ સરકાર સામે ભાજપનાં ધારાસભ્યોએ અજબ વિરોધ કર્યો છે. મૈસુર ડેવલપમેન્ટ ઓથોરીટી તળે દલિતોને ફાળવવાના જમીન પ્લોટ અમીરોને ફાળવી દેવાયા છે એવો આક્ષેપ થયો છે. આ મુદ્દે વિધાનસભામાં ભાજપે ચર્ચા માગી પણ મંજૂરી ના મળતાં ભાજપ અને જેડીએસનાં ધારસભ્યો વિધાનસભામાં બેઠાં રહ્યાં અને રાત પણ જમીન પર વિતાવી. શેતરંજી પાથરીને સૂતા અને કેટલાક સભ્યો લુંગી, ગંજીમાં જોવા મળ્યા. આક્ષેપ એવો છે કે, ૫,૦૦૦ પ્લોટ દલિતોને ફાળવવાના હતા પણ એમાંના કેટલાક પ્લોટ અમીરોને ફાળવી દેવાયા છે અને આ રીતે રૂ. ૪,૦૦૦ કરોડનું કૌભાંડ થયું છે અને એ માટે મુખ્યમંત્રી સિદ્ધારમિયા અને એમનાં પત્ની જવાબદાર છે. એમણે રાજીનામું આપવું જોઈએ. મુખ્યમંત્રી ખુલાસો કરે છે કે, એમની સામેના આક્ષેપો ખોટા છે એ ક્યાંય સંડોવાયા નથી. આ મુદ્દે સરકારે બે અધિકારી સામે ફરિયાદ પણ નોંધાવી છે. બીજી બાજુ , ઈડી પણ આ તપાસમાં જોડાઈ ગઈ છે.

કર્ણાટકમાં ભાજપ વિરોધ પક્ષમાં છે અને વિપક્ષ તરીકે દેખાવ કરવામાં એ માહેર છે અને એનો પરચો કોંગ્રેસ સરકારને મળ્યો છે. કર્ણાટક સરકાર સામે ભાજપ દ્વારા સતત આક્ષેપો થાય છે. ભાજપ અને જેડીએસ બંને કોંગ્રેસ સરકારને ભીડવવામાં સફળ થયા છે.

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી. કે. શિવકુમારને પણ કેટલાક કેસોમાં રાહત મળી નથી. આવકવેરાના એક કેસમાં કોર્ટે એમની સામેનો કેસ રદ કરવાની ના પાડી છે એટલે તપાસ આગળ વધી શકે છે. એટલે કે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી બંને ભ્રષ્ટાચારના આક્ષેપોના ઘેરામાં છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

### સુરતમાં મેઘાની મહેર કે કુદરતનો કહેર.?

જૂન મહિનો અને જેઠ મહિના ની શરૂઆત થાય એટલે વરસાદ ઝરમર વર્ષે ખેડૂતો રાજી થાય અને અષાઢ મહિનામાં રથયાત્રા થી મેઘાની હેલી થાય. ખેડૂતો વાવણીનો પ્રારંભ કરે. ખાલી ડેમો ભરાવા માંડે. આખા અષાઢ માં શ્રીકાર વરસાદ પડવાથી ખેતીને ફાયદો થાય. ચોમેર હરિયાળી જ હરિયાળી થી લોકો આનંદિત થાય. છાપામાં હેડલાઈન બને ‘મેઘાની મહેર’ .ગુજરાતમાં અમુક વિસ્તારમાં મહેર થઈ છે તો સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારમાં વરસાદે કહેર વર્તાવ્યો છે. વધુ વરસાદને કારણે જાનમાલનું નુકશાન થયું છે. ખાસ કરીને સુરતમાં મેઘાએ કહેર મચાવ્યો છે. સામાન્ય લોકો પારાવાર નુકશાન થયું છે. સુરતના ખાડી વિસ્તારમાં પૂર આવ્યા.આજે કહેવામાં આવે છે કે ખાડીના પાણી લોકોના ઘરો સુધી પહોંચી ગયા,મોટા પાયા પર ખાડીનું પુરાણ થઈ રહ્યું છે. લોકોએ ખાડીના પટ પર રહેણાંક બનાવી દીધા છે. ખાડીનું પાણી આપણાં ઘરે આવ્યું નથી આપણે ખાડી વિસ્તારમાં અતિક્રમણ કરીને ખાડીઓ ને સાંકડી બનાવી દીધી છે. ઉપરવાસમાં જે વરસાદ પડે છે જેનું પાણી ખાડીમાં આવે છે જે દરિયામાં મળે છે.આજે સુરતમાં કોઈ ખાલી જમીનો રહી નથી પરિણામે વરસાદી પાણી નું જમીનમાં જે શોષણ થતું હતું તે બંધ થયું છે.હવે બહુ વિકાસ થયો હવે કુદરત નું રક્ષણ કરવાનો સમય પાકી ગયો છે.કુદરતનું રક્ષણ થશે તોજ ,કુદરત માનવીનું રક્ષણ કરશે.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### કોની કેવી તબાહી થઈ તે સ્થાનિક તંત્ર શું જાણે?

હજુ તો આ વર્ષે ચોમાસાની શરૂઆત થઈ છે. પહેલા વરસાદી રાઉન્ડમાં માત્ર ચાર ઈંચ હા 2 ચાર ઈંચ વરસાદમાં સુરતની સૂરત બદલાઈ ગઈ છે. ઠેકઠેકાણે પાણી ભરાયાં છે. ત્રણ દિવસ થઈ ગયા છે. હજુ પાણી ઊતર્યાં નથી. વરસાદ ચાલુ જ છે. હજુ આખો શ્રાવણ મહિનો અને ભાદરવો ભરપૂર બાકી છે. સુરતીઓના મનમાં હજુ 7/8/2006 ની રેલની યાદ તાજી છે. શું પાછું એનું પુનરાવર્તન થશે? : સુરતની બધી ખાડીઓ મીઠી ખાડી કોયલા ખાડી સહિતની બધી ખાડીઓ ઓવરફ્લો થઈ ગઈ છે. અંદાજે 7 લાખ સુરતીઓ આજે ત્રણ ત્રણ દિવસ થયા પાણી વચ્ચે દિવસો ગુજારી રહ્યા છે. લાઈટ નથી, જીવનજરૂરી ચીજવસ્તુઓ ખાદ્યસામગ્રી લેવા બહાર નીકળી શકાય એમ નથી. પૈસા નથી. કામકાજ બંધ છે. રોજ કમાઈને રોજ ખાનાર શ્રમિક વર્ગ ઘરમાં જ પુરાઈ ગયો છે. બહાર ખરાબ વાસ મારતું ગંદી ગટરનું પાણી ઘૂંટણ સુધી ભરાયું છે. સ્માર્ટ સીટી કહેવાતી સુરત સીટી બેહાલ થઈ ગઈ છે. ક્યાંક વર્ષોની મહેનત પછી લોહી પસીનો એક કરી લોન લઈ શરૂ કરેલી દુકાનોમાં પાણી ઘુસી ગયાં છે. ક્રેડિટ પર બીલમાં આવેલો માલ વરસાદી પાણી ગટરીયા પાણીમાં આજે ચાર ચાર દિવસથી ગરકાવ છે. માલ ખરાબ થયો, આવક બંધ, ઉપરથી વેપારીને માલના પૈસા ક્યાંથી આપવા? કાચાં પાકાં મકાનો, ઝૂંપડાંઓમાં પાણી ઘરોમાં ઘૂસી ગયાં છે. ઘરવખરી પલળી ગઈ છે. ખાવાપીવાની વસ્તુઓ રસોઈનો સામાન ખાદ્યસામગ્રી ખરાબ થઈ ગઈ છે. જીવના જોખમે સુરતીઓ રિબાઈ રહ્યાં છે. હાલાકી પરેશાનીઓનો પાર નથી. રસ્તાઓ ધોવાઈ ગયા છે. ગલી, મકાનોમાં દુકાનોમાં પાણી ઘુસી ગયાં છે. ચારે બાજુ ગંદકીના ઢગલા છે. પોલીસ તંત્ર ખરેખર કાબિલે તારીફ કામગીરી કરે છે એમનું આ કામ નથી છતાં ખૂબ જ સારી સેવાઓ પોલીસ તંત્ર આપી રહ્યું છે.સુપર દુપર સેલ્યુટ પોલીસ કમિશનર શ્રી અનુપસિંહ ગેહલોત અને તેમની ટીમ. માત્ર ને માત્ર કાગળ પર ઘોડા દોડાવતી સુરત મહાનગર પાલિકા કોઈ સબક લેશે ખરી?

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

### રાત થોડી ને વેશ ઝાઝા : વણથંભ વરસે છે મેઘરાજા

અષાઢ-શ્રાવણ મહિનામાં વર્ષાનાં વધામણાં જ કરવાનાં હોય. ધરતીને તૃપ્ત કરવા મેહુલિયો મન મૂકીને વરસે તે સ્વીકાર્ય પણ આજે વાત કરવી છે આ દિવસોમાં પાયાના શિક્ષણની દશા અને દિશાની.આ દિવસોમાં જેમ દેમાર વરસાદની ઝડી વરસે એમ શાળાઓમાં પરિપત્રની ઝડી વરસે. ઉત્સવ ઉજવણીના અનેક વાના હવે સરકારી હુકમના વાઘા પહેરીને આવે છે. પાયાના પ્રાથમિક શિક્ષણમાં તો આ દિવસોમાં પ્રવૃત્તિઓનો રાફડો ફાટે. બાળ મેળો, લાઈફ સ્કીલ મેળો, શિક્ષા સપ્તાહ ઉજવણી, શિક્ષક સજ્જતા તાલીમ, સક્ષમ શાળા તાલીમ માટે મુખ્ય શિક્ષક સાથે એક ફોકલ ટીચરની તાલીમ. વળી આ બધી પ્રવૃત્તિઓના ફોટો,વિડિયો,અહેવાલ અપડેટ કરવાના, શિક્ષા સપ્તાહ અંતર્ગત ધોધમાર વરસાદ વખતે વળી રમતની સ્પર્ધા પણ કરવાની ને એના ઓન લાઈન અહેવાલ, ફોટા બધું અપલોડ કરવાનું. સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકની હાલત કફોડી છે. સરકાર એને સુપર પાવર ધરાવનાર રોબોટ સમજી કામગીરીમાં જોતરે છે. મૂળે શાળાઓમાં શિક્ષકોની ઘટ છે ત્યારે અડધા શિક્ષકો તાલીમોમાં જાય, બાકીના પરિપત્રો મુજબ પ્રવૃત્તિ કરાવવા મચી પડે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓના શાળાકીય શિક્ષણનું શું? અલબત્ત સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પણ શિક્ષણનો જ એક ભાગ છે પરંતુ એના અતિરેકથી મૂળ વાચન,લેખન,ગણન અને અભ્યાસક્રમના માળખાગત શિક્ષણનો ઉલાળિયો થઈ જાય છે તેનું શું? વળી, ગુણોત્સવના નામે મૂલ્યાંકનના તાયફા તો માથે ઊભા ને ઊભા જ છે. ખરેખર પ્રાથમિક શિક્ષકોની સ્થિતિ દયનીય છે. સતત કાર્યભાર અને માનસિક તણાવની એના સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસર સ્વસ્થ નાગરિકના ઘડતરમાં પણ બાધક બની રહેશે. “ગરીબની વહુ ગામ આખાની ભાભી” એ ન્યાયે બધાં વિભાગો પ્રાથમિક શિક્ષકોને કામ સોંપે. શિક્ષણ વિભાગના પણ જુદા જુદા ભાગ. સમગ્ર શિક્ષા અભિયાન, પ્રાથમિક શિક્ષણ વિભાગ અને જીસીઈઆરટી. ઉપરાંત સ્થાનિક સત્તા મંડળ અને અન્ય વિભાગો પણ સાતત્યપૂર્ણ રીતે શિક્ષકોની સેવા લેવા તલપાપડ રહે છે ત્યારે ખરેખર પાયાના શિક્ષણની દશા અને દિશા વિશે વિચારવું રહ્યું.

**સુરત - પ્રકાશ પરમાર**

### ભક્તિ કેમ આંખો બંધ કરીને કરવામાં આવે છે?

કોઈ પણ વ્યકિતને ભક્તિ / બે હાથ જોડીને પગે પડતા જોયા પછી મનમાં એવો વિચાર આવે કે આંખો કેમ બંધ કરી દેવામાં આવે છે? મારી અંગત માન્યતા મુજબ આંખો બંધ કરવાથી ભક્તિ કે પગે લાગવાથી બીજા વિચારો મનમાં પ્રવેશી શકતા નથી. કદાચ એવું હોઈ શકે.ભક્તિ ખુલ્લી આંખોથી કરવાની જરૂર છે કે જેથી ખબર પડે કે અંધ ભક્તિ તો નથી કરી રહ્યાં ને.આપણા દેશની પરિસ્થિતિ આજે અંધભક્તિ જેવી છે. કોઈ પણ સમસ્યાનો ઉકેલ આંખો ખુલ્લી રાખીને જ થઈ શકે. કોઈ દુશ્મન દેશ પર ચઢાઈ કરે ત્યારે તેનો પ્રતિકાર કરવા માટે આંખો ખુલ્લી રાખીને થઈ શકે. હાલના સંજોગોમાં દેશમાં અનેક સમસ્યાઓ જેવી કે મોંઘવારી, બેકારી, ગરીબી,અત્યાચાર, અન્યાય, ભેદભાવ ,કોમવાદ, અસ્પૃશ્યતા વગેરે ઓછા કરવા માટે ખુલ્લી આંખો રાખીને દૂર કરવા કટિબધ્ધ થવાની જરૂર છે. જ્યારે મોહમ્મદ ગઝનીએ સોમનાથ મંદિર પર ચઢાઈ કરી ત્યારે કેમ બચાવી શકયા નહોતા? આજે આખો દેશ ભક્તિ કરવા પાછળ ગાંડો થયો છે પણ એવું નથી વિચારતાં કે ગામડે, ગામડે સરકારી શાળા, હોસ્પિટલ, પુસ્તકાલય, પાયાની સુવિધા શરૂ થાય. યાદ રહે ભજન કરવાથી ભોજન નહીં મળે, તે રીતે ભક્તિ કરવાથી શક્તિ નહીં આવે. આટલું જો દરેક માનવીની સમજણમાં આવી જાય તો ખોટી અંધ ભક્તિ કરવાનું બંધ થઈ જાય, કમસે કમ ઓછું તો થાય.

**સુરત - ચંદ્રકાંત રાણા**

### જ્યોતિષએ અને કર્મકાંડીઓના સોનાના નળિયા થયા છે ખરા?

આપણને ગ્રહો કરતા પૂર્વગ્રહ વધારે નડે છે. 21મી સદીમાં પ્રવેશ્યા તો ખરા પણ 17મી સદીનું વળગેલું ભૂત હજુ વછુટ્યું નહિ. જ્યોતિષીઓ અને કર્મકાંડીઓ કદી પાઠશાળાએ ગયા નથી અલ્પ જ્ઞાતિઓના રોજી રોટીનો ઉકેલ અંધભક્તોને ખંખેરી પોતાના આજીવિકા નિભાવે છે. માનવ સર્જીત કે કુદરત સર્જીત અકસ્માતોને અટકાવવા કે ધીમા પાડવા આપણે કર્મકાંડીના રવાડે ચઢ્યા હતા. અકસ્માતો અવિરત ચાલુ જ રહ્યા. અંધ ધર્મ ઘેલછીત ભક્તો કુંભમેળામાં કે ઉર્ષમાં કચડાવા ભેગા થાય છે કહેવાય છે કે અમે નક્રમાંથી મુક્તિ મેળવવા જ તિર્થસ્થાનોમાં સ્વેચ્છાએ કચડાવા જ જઈએ છીએ.

**અડાજણ - અનિલ શાહ**